પૂર્વછાયો- શુભમતિ સહુ સાંભળો, કહું ત્યાર પછીની વાત ।
પૃથ્વીના તળ ઉપરે, થવા લાગ્યા મોટા ઉતપાત ॥૧॥
ચાલ્યા પ્રચંડ પવન અતિ, ગતિ ઘોર કઠોર ઘણી થઈ ।
ઝાડ પાડ બહુ પડિયાં, કોટ મંદિર ઘર કોઠા કઈ ॥૨॥
અતિ અચાનક અગનિ, વળી વુઠિ વેગે વ્યોમમાં ।
વન ભુવન કૈક ગામ પુર, બહુબહુ બાળ્યાં ભોમમાં ॥૩॥
પડ્યા પથ્થર પૃથ્વી ઉપરે, અતિ ઘણા આકાશથી ।
નારી નર ડર પામિયાં, કહે નહિ ઉગરિયે નાશથી ॥૪॥

ચોપાઇ- થાય કઠણ કડાકા વ્યોમ રે, પડે તિખી તડિતો તે ભોમ રે ।
ત્રુટાં તામસ દેવનાં ધામરે, હતાં દેરાં ડુંગર ને ગામરે ॥૫॥
એવો થયો છે ઉલકાપાત રે, શું કહીએ એ સમાની વાત રે ।
વુઠાં નીર રુધિરની ધારે રે, જોઈ ભય પામ્યાં સહુ તારે રે ॥૬॥
ગયાં સાધુનાં મન ડોળાઈ રે, થયો ઉદ્વેગ તે ઉરમાંઈ રે ।
ઉષ્ણ ઋતુના સૂર્યની કાંતિ રે, થઈ નિસ્તેજ પામી અશાંતિ રે ॥૭॥
હરિભક્ત પુરુષનાં અંગ રે, ફરક્યાં ડાબાં તે પણ કુઢંગ રે ।
વળી બાઈ જેને સતસંગ રે, તેનાં ફરક્યાં જમણાં અંગ રે ॥૮॥
વળી સ્વપનાં લાધાં છે જેહ રે, અતિ અપશુકન માન્યાં તેહ રે ।
જાણું ધર્મ ભક્તિની મૂરતિ રે, શોકે રૂદન કરે છે અતિ રે ॥૯॥
રાધાકૃષ્ણની પ્રતિમા સોય રે, દ્રગ વિના દેખાણી છે દોય રે ।
વળી શ્વેતપટે ઢાંકી મુખ રે, અતિશોકમાં પામ્યાં છે દુઃખ રે ॥૧૦॥
જાણ્યું શશિ સૂરજ ને ઉડુ રે, પડ્યા ભૂમિયે તે પણ ભુંડું રે ।
એવા ઉતપાત જોઈ અપાર રે, સર્વે કરવા લાગ્યાં વિચાર રે ॥૧૧॥
જાણું પ્રભુજી પૃથ્વીમાંથી રે, થાશે અંતર્ધાન હવે યાંથી રે ।
પછી નાથે નિત્યકર્મ કીધું રે, ગઉ આદિક દાન બહુ દીધું રે ॥૧૨॥
પછી ગોમયે લિપિ ભૂમિ સારી રે, કરી કુશ તિલની પથારી રે ।
નાયા ઉષ્ણ જળે પ્રભુ તિયાં રે, પહેર્યા ધોયેલ ધોળાં ધોતિયાં રે ॥૧૩॥
કરી તિલક ભાલ ચંદન રે, બેઠા પોત્યે તે સિદ્ધ આસન રે ।

રાખી સ્થિર દૃષ્ટિ અનિમેષ રે, નિજ આત્મામાંહિ અશેષ રે ॥૧૪॥
ધર્યું પોત્યે પોતાનું ધ્યાન રે, મેલ્યું વિસારી નિજતન ભાન રે ।
પાસે ગોપાળાનંદાદિ બહુ રે, નિત્યાનંદ ને શુકમુનિ સહુ રે ॥૧૫॥
દિઠાં આકાશ મગે તે વાર રે, કોટાંનકોટિ વિમાન અપાર રે ।
બહુ પાર્ષદ પોતા તણા રે, આવ્યા નાથને તેડવા ઘણા રે ॥૧૬॥
લાવ્યા દિવ્ય ચંદન દિવ્ય ફુલ રે, બીજી દિવ્ય પૂજાઓ અમૂલ્ય રે ।
તેણે પ્રીત્યે પૂજ્યા ભગવાન રે, પછી તેડી બેસાર્યા વિમાન રે ॥૧૭॥
પોત્યે પોતાના પાર્ષદ સાથ રે, નિજધામમાં પધાર્યા નાથ રે ।
નભ મારગે અમર આવી રે, કરી સ્તુતિ વાજિંત્ર વજાવી રે ॥૧૮॥
લાવ્યા ચંદન પુષ્પના હાર રે, તેણે પૂજીયા પ્રાણ આધાર રે ।
વળી છાંટ્યાં ચંદન બહુ તને રે, કરી ઉપર વૃષ્ટિ સુમને રે ॥૧૯॥
તેહ પુષ્પ ચંદન વરસાત રે, દિઠા ભૂમિયે સહુએ સાક્ષાત રે ।
એમ પધારિયા નિજધામ રે, કરી અનેક જીવનાં કામ રે ॥૨૦॥
સંવત્ અઢાર છાશિ અઘન રે, જ્યેષ્ઠ શુદિ દશમીનો દન રે ।
મંગળવારે મધ્યાહ્ને મહારાજ રે, ચાલ્યા કરી અનેકનાં કાજ રે ॥૨૧॥
મોરે આવ્યાંતાં દુઃખ મહા અરિ રે, રાખ્યું તન તેમાંથી દયા કરી રે ।
સંવત્ અઢાર એકસઠ્યો જાણો રે, પોષ શુદિ પુન્યમ પ્રમાણો રે ॥૨૨॥
તેદિ અગત્રાઈમાંહિ અંગે રે, આવ્યું તું દુઃખ અશ્વ પ્રસંગે રે ।
તેમાંથી મોરે રાખીયું તન રે, તે પણ દયા આણી જીવન રે ॥૨૩॥
ત્યાર પછી સંવત્ અઢારે રે, શિત્તેરે આશુ પુન્યમ ત્યારે રે ।
ગામ જાળીયે મંદવાડમાંથી રે, રાખ્યું તન પોતાની દયાથી રે ॥૨૪॥
સંવત્ અઢારના સત્યોતેરે રે, વૈશાખ શુક્લ બારશ તે વેરે રે ।
રાખ્યું દુઃખમાંથી ગઢડે દેહ રે, તે પણ હરિજનને સનેહ રે ॥૨૫॥
વળી સંવત્ અઢાર અઠ્યોતેરે રે, ફાગણ શુક્લાદિ અષ્ટમી કેરે રે ।
તેદિ ગણેશ ધોળકે ગોપાળે રે, રાખ્યું દુઃખમાંથી દેહ દયાળે રે ॥૨૬॥
વળી સંવત્ અઢાર ઓગણાશિ રે, ચૈત્ર શુદિ નોમ્ય દુઃખરાશિ રે ।
તેદિ પંચાળે પોત્યે મહારાજ રે, રાખ્યું દેહ તે હરિજન કાજ રે ॥૨૭॥

પછી સંવત્ અઢાર છાશિના રે, પોષ શુદિ તે બીજ તેદિના રે ।
થયા માંદા પોત્યે મહારાજ રે, નિજધામે પધારવા કાજ રે ॥૨૮॥
જ્યેષ્ઠ શુદિ દશમીને દન રે, ચાલ્યા દયા ઉતારી જીવન રે ।
રહેવા ધાર્યુંતું જેટલું નાથે રે, રહ્યા એટલા દિ ભૂમિ માથે રે ॥૨૯॥
એક ઉણે વરષ પચાસ રે, એક દિવસ ને દોય માસ રે ।
રાખ્યું એટલા દિવસ તન રે, જન હેતે તે પોત્યે જીવન રે ॥૩૦॥
પછી પાસે હતાં જન જેહ રે, નામસ્મરણ કરે છે તેહ રે ।
થયું સ્મરણમાંહિ રુદન રે, સુણી આવિયાં સર્વે જન રે ॥૩૧॥
જોઈ નાથને કરે વિલાપ રે, પામ્યાં અંતરે અતિ ઉતાપ રે ।
એહ સમે પામ્યાં જન દુઃખ રે, તેતો કહેવાતું નથી મેં મુખ રે ॥૩૨॥
બાંધી રાખે બંધિવાન જેમ રે, રહ્યાં સહુનાં નાડી પ્રાણ એમ રે ।
એહ સમે વાવરી સામર્થી રે, અલબેલેજીયે આપે અતિ રે ॥૩૩॥
જો એમ ન કરત જીવન રે, થાત કેર મરત બહુ જન રે ।
જેને વાલા વિના પળ ઘડી રે, ન રહેવાતું જાતું તન પડી રે ॥૩૪॥
તેના રહ્યા પ્રાણ તન માંય રે, તેતો શ્રી મહારાજ ઈચ્છાય રે ।
પછી દત્તપુત્ર દોય ધીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે ॥૩૫॥
તેણે સુંદર શાસ્ત્રની વિધિ રે, જેમ કરવી ઘટે તેમ ક્રિધિ રે ।
ચરચ્યું ચંદન તન નવરાવી રે, સુંદર વસ્ત્ર અમૂલ્ય પહેરાવી રે ॥૩૬॥
પુષ્પહાર તોરા ગુચ્છ ધરી રે, પછી એ સમે આરતી કરી રે ।
કહે હાથ જોડી સહુ એમ રે, પ્રભુ આવું કર્યું તમે કેમ રે ॥૩૭॥
સારું નાથ ઘટ્યું જે તમને રે, પણ વિસારશો માં અમને રે ।
એમ કહીને લાગીયા પાય રે, પછી બેસાર્યા વિમાન માંય રે ॥૩૮॥
ગાતાં વાતાં આવ્યા ફુલવાડી રે, જેહ ગમતી પોતાને ઝાડી રે ।
ત્યાં તુલસી ચંદને ચિત્તા રચી રે, તન પધરાવ્યું ઘી ચરચી રે ॥૩૯॥
પછી કર્યો અગ્નિસંસ્કાર રે, જોઈ દુઃખ પામ્યા સહુ અપાર રે ।
બહુ ઘૃતે દેહ દાગ દીધો રે, સર્વે શાસ્ત્રવિધિ તિયાં ક્રિધો રે ॥૪૦॥
પછી નાઈને આવ્યા ભવન રે, તેદિ ખાધું નહિ કેણે અન્ન રે ।

પછી બીજે દિ ચિતાને ઠારી રે, કરી ખરચ કરવા તૈયારી રે ॥૪૧॥
તેડ્યા બ્રાહ્મણ સત્સંગી સહુ રે, બીજાં પણ તેડાવિયાં બહુ રે ।
કર્યા મિશ્રિ મોદક વિપર રે, બીજા સાટા કરાવ્યા બહુપેર રે ॥૪૨॥
તેણે જમાડ્યા જન અપાર રે, સત્સંગી કુસંગી નરનાર રે ।
કરી શ્રવણિ ને શ્રાદ્ધવિધિ રે, તિયાં અશ્વ ગાઉં બહુ દિધિ રે ॥૪૩॥
અન્ન ધન વસન વાસણ રે, આપ્યાં પલંગ ગાદલાં આશણ રે ।
એમ વિધિ કિધિ બહુપેર રે, પછી જન ગયાં સહુ ઘેર રે ॥૪૪॥
કેડ્યે રહ્યા ઈયાં જેહ દાસ રે, તેતો સદા રહેતા પ્રભુ પાસ રે ।
પ્રભુ કરી ગયા એવો ખેલ રે, કળા એની કેણે ન કળેલ રે ॥૪૫॥
જેમ નટ નિજવિદ્યા વડે રે, લેવા લડાઈ આકાશે ચડે રે ।
થાય જુદ્ધ ત્યાં જુજવાં અંગ રે, તેની નારી બળે તેને સંગ રે ॥૪૬॥
સહુ સભા દેખે એમ સત્ય રે, ત્યાંતો ઉતરે કરી રમત્ય રે ।
આવી નારી પણ તિયાં વળી રે, જે કોઈ મુવા પુરુષસંગે બળી રે ॥૪૭॥
પામે આશ્ચર્ય એવું જોઈ રે, પણ કળી શકે નહિ કોઈ રે ।
તેમ પ્રભુની રમત્ય માંઈ રે, જોઈ અસુર જાય મુંઝાઈ રે ॥૪૮॥
પણ આવે જાય એવા નથી રે, નિજજન જાણે છે મનથી રે ।
પણ અસુર મોહ પામ્યા કાજ રે, કરે એવાં ચરિત્ર મહારાજ રે ॥૪૯॥
જો એમ ન હોય એહ રીત રે, તમે ચિંતવી જુવોને ચિત્ત રે ।
કેક કરે છે આવીને કાજ રે, પરચા પૂરે છે જનને મહારાજ રે ॥૫૦॥
કેનાં જમે છે આવીને અન્ન રે, પ્રગટ પ્રમાણ નહિ સ્વપન રે ।
કેને આપે છે તોરા ને હાર રે, કેની કરે છે કષ્ટમાં વાર રે ॥૫૧॥
કેને વાટમાં ચાલે છે સંગે રે, કેને સામા મળે છે ઉમંગે રે ।
કેને સાત પાંચ અશ્વારે રે, થાય પ્રકટ દર્શન બારે રે ॥૫૨॥
કરે આરતીમાં ધુન્ય આવી રે, કેને બોલાવે છે હેત લાવી રે ।
કથા સભામાં આવી સાંભળે રે, પ્રકટ પ્રમાણ જનને મળે રે ॥૫૩॥
એવી રીત્યનાં અનેક કાજ રે, તેતો આપે કરે છે મહારાજ રે ।
એમ દર્શન દિયે દયાળ રે, નિજજનની કરે છે સંભાળ રે ॥૫૪॥

કોઇ ગામે લખાવે કાગળ રે, બેસી નિજજનને આગળ રે ।
કેનું પ્રેમેશું પીવે છે પાણી રે, આવે દર્શન દેવા દાસ જાણી રે ॥૫૫॥
કેને આપે ઝીણી જાડી માળા રે, એમ જનને કરે છે સુખાળા રે ।
કોઇને મળે છે મારગ માંય રે, મેલી ભેટ્ય ને લાગે છે પાય રે ॥૫૬॥
કોઇક સેજમાં સુતા દેખે છે રે, જોઇ જન્મ સુફળ લેખે છે રે ।
જેજે જન સંભારે છે જ્યારે રે, તેતે પામે છે દર્શન ત્યારે રે ॥૫૭॥
એમ અનેક પ્રકારે આજ રે, પ્રભુ કરે છે બહુબહુ કાજ રે ।
નિજજનથી અળગા નાથ રે, નથી જાતા રહે છે સદા સાથ રે ॥૫૮॥
તેતો વિમુખ વાત ન માને રે, જેને પૂર્ણ પાપ પડ્યું પાને રે ।
કહું સુણો સહુ રીત્ય એવી રે, કહ્યો બિભત્સ રસ વર્ણવી રે ॥૫૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે
પોતાના અનંત પાર્ષદની સાથે વિમાનમાં બેસીને પોતાના ધામમાં
પધાર્યા એ નામે એકસો ને એકસઠમું પ્રકરણમ્ ॥૧૬૧॥